| | |
|---|---|
| આંક | ૧૬ |
| દાખલ થયા તા. | ૨૧/૦૧/૨૦૨૩ |
| રજુ કર્યા તા. | ૨૧/૦૧/૨૦૨૩ |
| ફેંસલ કર્યા તા. | ૧૦/૦૬/૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૩ વર્ષ, ૦૪ માસ, ૨૦ દિવસ |

**૫ માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૫૫૨૪/૨૦૨૩**

**ફરીયાદી :–**

**૧.** સ્ટેટ ઓફ ગુજરાત
(ઈસનપુર પો. સ્ટે. પાર્ટ સી ગુના રજી. નં.૧૧૧૯૧૦૨૨૨૨૧૧૩૨/ ૨૦૨૨)

**વિરુધ્ધ**

**આરોપી :–**

**૧.** મંજુબેન શંકરભાઈ ચુનારા, ઉ.વ.૫૦,
રહે. રામગલીના છાપરા, ચુનારા વાસ,
ઈસનપુર, અમદાવાદ.

**૨.** સુનિલભાઈ અશોકભાઈ ચુનારા, ઉ.વ.૨૭,
રહે. રામગલીના છાપરા, ચુનારા વાસ,
ઈસનપુર, અમદાવાદ.

**૩.** લખન ઉર્ફે કિરણ રમેશભાઈ ભીલ, ઉ.વ.૨૫,
રહે. રામગલી ભીલવાસ, નવા સાત માળીયા,
મ. નં.૬૦૭, છઠ્ઠો માળ, અહેબાબનગર પાસે,
ઈસનપુર, અમદાવાદ.

**ગુન્હો:– ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબ.**

**સરકાર તરફે : વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી**

**આરોપી તરફે : વિ. વ. શ્રી આઈ. એ. શેખ**

**–//જજમેન્ટ//–**

(૧) આ કામના આરોપી નં.૧ નાએ આરોપી નં.૨ અને ૩ નાઓને દારૂ વેચવા માટે દૈનિક રૂા.૫૦૦/– ની મજુરીથી રાખી ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂનો જથ્થો

વેચવા માટે આપી રેઈડ દરમ્યાન તા.૦૩.૧૨.૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ વાગ્યે આરોપી નં.ર અને ૩ નાઓ દેશી દારૂ ૪૬ લીટર કિંમત રૂા.૯૨૦/– નો તથા આરોપી નં.ર ની પાસેથી દારૂ વેચાણના રોકડા રૂા.૧,૩૩૦/– તથા એકટીવા નં.જીજે.ર૭.ડી.એ.૮૬૮૮ કિંમત રૂા.ર,૦૦૦/– ની મળી કુલ રૂા.ર૭,ર૫૦/– ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં કરતાં, પોલીસે પાર્ટ સી. ગુના રજી. નં. ૧૧૧૯૧૦૨૨૨૨૧૧૩૨/૨૦૨૨ થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને મુદ્દામાલ સેમ્પલ પૃથ્થકરણ માટે લીધેલ અને મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે લઇ તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો લઇ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં હાલનું ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ કરતા તેઓ હાજર થયેલ હોઇ, કેસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે આરોપીઓને આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી તેઓનો જવાબ આંક-૦૫ અને ૦૬ અન્વયે થી રેકર્ડ પર લેવામાં આવેલ છે અને તેમની સામેના ગુનાનો ઇન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩.) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૨ અન્વયે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**–: ફરીયાદપક્ષે મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૯ | પંચસાહેદ મનહરભાઇ ઉદેસિંહભાઇ ઠાકોરની જુબાની |
| ૨. | ૧૨ | પંચસાહેદ મહંદમફીરોજ બાબુભાઇ બાગબાનની જુબાની |
| ૩. | ૧૩ | ફરીયાદી પરાક્રમસિંહ ભગવાનભાઇ વાળાની જુબાની |
| ૪. | ૧૫ | સાહેદ પાર્થકુમાર કેતનભાઇ ભટ્ટની જુબાની |

**–: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | પંચનામાની નકલ |
| ૨. | ૧૪ | ફરીયાદની નકલ |

(૪) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતા આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં તેઓ વિરૂધ્ધના પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ વિશેષમાં નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫.)આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.ની તેમજ આરોપીઓના વિ. વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬.) આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દાઓ :–**

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાએ આરોપી નં.૨ અને ૩ નાઓને દારૂ વેચવા માટે દૈનિક રૂા.૫૦૦/– ની મજુરીથી રાખી ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂનો જથ્થો વેચવા માટે આપી રેઇડ દરમ્યાન તા.૦૩.૧૨.૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ વાગ્યે આરોપી નં.૨ અને ૩ નાઓ દેશી દારૂ ૪૬ લીટર કિંમત રૂા.૯૨૦/– નો તથા આરોપી નં.૨ ની પાસેથી દારૂ વેચાણના રોકડા રૂા.૧,૩૩૦/– તથા એકટીવા નં.જીજે.૨૭.ડી.એ.૮૬૮૮ કિંમત રૂા.૨,૦૦૦/– ની મળી કુલ રૂા.૨૭,૨૫૦/– ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી ગુનો કરી ધી પ્રોહી એકટની કલમ – ૬૬(૧)(બી), ૬૫(ઇ), ૯૮(૨), ૮૧ નો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમત માં કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો અને તે અંગેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) છેવટના હુકમ મુજબ.

## – :: કા ર ણો ::–

**<u>મુદ્દા નં. ૧ ના કારણો</u> :–**

(૮) ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને ૧૦૨ સાથે વાંચતા ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ, આક્ષેપીત ગુનો આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે, કારણ કે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી જયાં સુધી દોષીત સાબીત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. કાયદાની આ મુળભુત સિધ્ધાંતો લક્ષમાં રાખીને, આ કેસના ન્યાય નિર્ણય હેતુ રેકર્ડ પર રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષની હકીકત મુજબ, આ કામના આરોપી નં.૧ નાએ આરોપી નં.ર અને ૩ નાઓને દારૂ વેચવા માટે આપેલ અને ફરીયાદ હકીકતે આરોપી નં.ર અને ૩ મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ હતા. જે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી પરાક્રમસિંહ ભગવાનભાઇ વાળા, પોલીસ કોન્સ્ટેબલ નાઓએ આપેલ હતી. આ ઉપરાંત આ સમયે ફરીયાદી સાથે સાહેદ પાર્થકુમાર પેટ્રોલીંગમાં હતા. ફરીયાદપક્ષની હકીકત અનુસાર આરોપીઓ ચુનારા વાસ છાપરામાં ખુલ્લામાં દારૂનું વેચાણ કરે છે તેવી બાતમીના આધારે રેડ કરી આરોપી નં.ર અને ૩ ને સ્થળ પરથી અટક કરેલા અને તેઓની પુછપરછમાં આ દારૂ આરોપી નં.૧ નાએ પુરો પાડેલ હતો. તે મુજબની હકીકત ફરીયાદી તેમજ સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે. ફરીયાદી અને પોલીસ સાહેદ તેઓની જુબાનીમાં આ તમામ કાર્યવાહી પંચો રૂબરૂ કરવામાં આવેલ અને તે અંગે આંક–૧૦ થી રજુ પંચનામું કરેલાનું જણાવે છે. કોર્ટ રૂબરૂ પંચસાહેદ મનહરભાઇ ઉદેસિંહભાઇ ઠાકોરની જુબાની આંક–૦૯ થી અને મહંમદફીરોજ બાબુભાઇ બાગબાનની જુબાની આંક–૧૨ થી નોંધવામાં આવેલ છે. આ સાહેદ આંક–૧૦ થી રજુ પંચનામા અને ફરીયાદ મુજબની કાર્યવાહી તેઓ રૂબરૂ કરવામાં આવેલ હોવાની ફરીયાદપક્ષની હકકીતને સમર્થન આપતા નથી. આ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરેલ અને ત્યારબાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને સમર્થન આપતા નથી. આમ, ફરીયાદપક્ષની હકીકત સ્વતંત્ર સાહેદો રૂબરૂ પંચનામા મુજબની કાર્યવાહી થયેલ હોવાની હકીકતને સમર્થન મળતું નથી. આ

ઉપરાંત ફરીયાદી અને પોલીસ સાહેદ પાર્થકુમાર ભટ્ટ તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ છે. આ સાહેદો તેઓની ઉલટ તપાસમાં બનાવ વાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર હોવાનું અને ઘણા લોકોની અવર જવર હોવાનું જણાવેલ છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદ ઉપલબ્ધ હોવા છતાં ફરીયાદપક્ષે ચાર્જશીટમાં દર્શાવેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજુ થયેલ નથી. આમ, આક્ષેપીત બનાવ સંદર્ભે પોલીસ સાહેદ સિવાય અન્ય સાહેદો ઉપલબ્ધ હોવા છતાં તેઓનો પુરાવો રજુ થયેલ નથી. જે કારણોસર ફરીયાદપક્ષ આરોપી નં.૨ અને ૩  ચુનારા વાસ છાપરામાં ખુલ્લામાં દારૂનું વેચાણ કરતા મળી આવેલ હોવાની અને તેઓ પાસેથી દારૂ મળી આવેલ હોવાની હકીકત તેમજ તેઓએ આ દારૂ આરોપી નં.૧ પાસેથી ખરીદેલ હતું તેવી હકીકત રેકર્ડ પર રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે. આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આ ખ રી હુ ક મ

૧. આથી, આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ- ૬૬(૧)(બી), ૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવો. મુદ્દામાલ એકટીવા અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ બિનશરતી કાયમ કરવાનો તેમજ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓના જામીન અને જાતમુચરકા સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) મુજબના સમયગાળા માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૦, માહે.જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ]
૫ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી (કોર્ટ નં.૧)
Code-GJ00956

અમદાવાદ